# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-05-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ:

**વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ આજે ઓપરેશન સિંદૂરના સંદર્ભમાં આતંકવાદ સામે ભારતની વ્યૂહરચના વિશે વિશ્વને માહિતગાર કરવા માટે વિવિધ દેશોમાં મોકલવામાં આવી રહેલા સંસદ સભ્યોના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોને માહિતી આપી હતી. પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતનું વલણ સ્પષ્ટ કરવા માટે સરકાર વિવિધ દેશોમાં કુલ 59 સભ્યોના સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલી રહી છે.**

**આ પ્રતિનિધિમંડળોનું નેતૃત્વ કોંગ્રેસ સાંસદ શશિ થરૂર, ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદ, જનતા દળ યુનાઈટેડના સાંસદ સંજય કુમાર ઝા, ભાજપ સાંસદ બૈજયંત પાંડા, ડીએમકે સાંસદ કનિમોઝી, NCP સાંસદ સુપ્રિયા સુલે અને શિવસેના સાંસદ શ્રીકાંત શિંદે કરશે.**

**આ પ્રતિનિધિમંડળો આવતીકાલથી 5 જૂન સુધી કુલ 32 દેશોની મુલાકાત લેશે, જેમાં અમેરિકા, સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત, અલ્જેરિયા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, ડેનમાર્ક, ગુયાના, બ્રાઝિલ, કોલંબિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરનો સમાવેશ થાય છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ-નલિયા એરફોર્સ:

**ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે નલિયા એરફોર્સ સ્ટેશનની મુલાકાત લઇ સશસ્ત્ર દળોની બહાદુરી અને ક્ષમતાની પ્રશંસા કરી હતી.**

સશસ્ત્ર દળોનું મનોબળ વધારવા માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા નલિયા એરફોર્સ સ્ટેશનની મુલાકાતે આવેલા શ્રી ચૌહાણે સૈનિકો સાથે વાતચીત દરમ્યાન  ઉભરતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને ઓપરેશનલ તૈયારી અને સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ઓપરેશનના સક્રિય તબક્કા દરમિયાન સુરક્ષા ભંગ કરવાના દુશ્મનના અનેક પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં ભારતીય સૈનિકોના સમર્પણ, હિંમત અને અડગ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા જનરલ ચૌહાણે કહ્યું કે આપણા સૈનિકોએ વ્યાવસાયિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખ્યા છે. પોતાના સંબોધન દરમિયાન તેમણે સ્થાનિક નાગરિક વહીવટીતંત્રનો પણ તેમના સહયોગ બદલ આભાર માન્યો હતો અને આવી ગંભીર પરિસ્થિતિમાં લશ્કરી-નાગરિક સંકલનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ મુલાકાત દરમ્યાન, શ્રી ચૌહાણે ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતી નવીનતમ અને મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ વિશે સમિક્ષા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે તાજેતરમાં ભુજ એરબેઝની મુલાકાત લઇ જવાનોના શૌર્યને બિરદાવ્યો હતો.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છના સરહદી લોકોની સર્તકતા  અને રાષ્ટ્રપ્રેમ -:

ઓપરેશન સિંદુરમાં ભારતીય સશસ્ત્ર દળોને મળેલી સફળતાને લઈને દરેક ભારતીયની જેમ કચ્છના સરહદી ગામોના લોકોમાં પણ અનોખો રાષ્ટ્રપ્રેમ અને જુસ્સો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા અને પોતાની અલગ જ તાસીર, ખંત અને ખુમારી ધરાવતા આ લોકોએ હંમેશા સરહદના સંત્રી તરીકેની ભૂમિકા નિભાવી છે. તાજેતરની પરિસ્થિતિમાં પણ તેઓ સતત સતર્ક અને સજ્જ રહ્યા છે.

રાપર તાલુકાના છેક સરહદને અડીને આવેલા બેલા ગામના ખેડૂત દલાભાઈ રૂપાણી કહે છે કે, કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે અસામાન્ય પ્રવૃત્તિ જોવા મળે તો તેઓ નજીકના પોલીસ સ્ટેશન, સૈન્ય અધિકારીઓ અથવા વહીવટી તંત્રને તાત્કાલિક જાણ કરે છે.

**(બાઈટ.... દલાભાઈ રુપાણી)**

-----------------------------------------------------------------------------------------------

## અકસ્માત:

**જિલ્લામાં અકસ્માતની બે અલગ અલગ ઘટનાઓમાં બે યુવકોના મોત થયા છે. પ્રથમ બનાવમાં ભચાઉ નજીક સામખિયાળી હાઇવે પર અંદાજે 40 વર્ષની ઉંમરના એક અજાણ્યા વ્યક્તિનું મૃત્યુ થયું છે. રસ્તા પર ચાલતા જતા આ વ્યક્તિ અચાનક પડી જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ થતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.**

**અકસ્માતની બીજી ઘટના રાપર તાલુકાના આડેસર ગામમાં ગઈકાલે રાત્રે 10 વાગ્યાના અરસામાં બાઇક અને કાર વચ્ચે બની હતી, જેમાં બાઇક ચાલક યુવકનું ગંભીર ઇજાઓના કારણે સારવાર મળે તે પહેલા જ મૃત્યુ થયું હતું. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.**

---

## રાપર-રસ્તાઓનું સમારકામ:

**ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને રાપર શહેરમાં નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં રસ્તાઓની મરામત કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરના અનેક વિસ્તારોમાં પડેલા ખાડાઓને રિપેર કરવા માટે પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે.**

---